૨૭, જુલાઈ, ૨૦૨૨

# ઈન્કમ ટેક્ષ રીટર્ન ફાઈલ કરવાની મુદત વધારવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ડિપાર્ટમેન્ટ દ્વારા ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલીંગ કરવાની છેલ્લી મુદત ૩૧–૭–૨૦૨૨ રાખેલ છે. આ સમયગાળો કામગીરી પ્રમાણે ખુબ જ ઓછો છે. જેથી ઓફિસોમાં કામનો ભરાવો ખુબ જ વધી ગયો છે. તેમજ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતા પહેલા T.D.S. અને T.C.S. ના વેરફિકેશન માટે ઓનલાઈન તપાસ કરવાની થતી હોય છે. પરંતુ હાલ I.T. પોર્ટલ ન ખુલવાના કારણે આ કામગીરી થઈ શકતી નથી. તેમજ સર્વર ઉપર અતિ ભારે ઘસારાના કારણે સર્વર બંધ થઈ જાય છે. તેમજ એકી સાથે રીટર્ન ભરાતા હોવાથી ઈન્ટરનેટ કનેકટીવીટી પણ ડાઉન થઈ જાય છે. જેથી કરદાતાઓને રીટર્ન ફાઈલ કરવામાં ખુબ જ મુશ્કેલી પડી રહી છે.

સમગ્ર બિઝનેશન કોમ્યુનિટી તથા ટેક્ષપેયરના વિશાળ સમુદાયને ભોગવવી પડતી તીવ્ર હાલાકીને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવાની મુદત ઓછામાં ઓછી એક માસ માટે લંબાવવા કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામનજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.